# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે. આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# WEATHER

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 16 જિલ્લાના 94 તાલુકામાં વરસાદ હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ 126 ટકા વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધુ સરેરાશ 183 ટકા વરસાદ કચ્છ અને 131 ટકા વરસાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં 130 ટકા વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, ડાંગ, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આગામી ત્રણ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ છે.

# RAIN

રાજ્યમાં મધ્ય ગુજરાતના કેટલાંક સ્થળોએ ધોધમારથી લઇને મધ્યમ વરસાદ થયાના અહેવાલ છે.. ગત મોડીરાત્રે છોટાઉદેપુર જિલ્લામાં વીજળીના કડાકા સાથે ભારે વરસાદ વરસ્યો હતો.. આ વરસાદ ખેતીને અનુકૂળ હોવાને કારણે ખેડૂતો ખુશખુશાલ છે..

જ્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડા અને આસપાસના વિસ્તારમાં વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો. વીજળીના કડાકા સાથે અડધો કલાકમાં ધોધમાર પોણો ઇંચ વરસાદ ખાબક્યો હતો.. ઉપરાંત પંચમહાલ જિલ્લાના ગોધરા પંથકમાં પણ મેઘમહેર જોવા મળી.

ડાંગ જિલ્લામાં લાંબા વિરામ બાદ ગત રાત્રે ગાજવીજ અને પવન સાથે મુશળધાર વરસાદ વરસ્યો હતો. જ્યારે અનેક જગ્યાએ વીજ પુરવઠો ખોરવાયો હતો. અહીં માત્ર બે કલાકમાં આહવામાં સવા એક ઇંચ વરસાદ ખાબક્યો હતો.

# SIDDHPUR BINDU SAROVAR

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકામાં માતૃશ્રાદ્ધ અને શ્રાદ્ધ વિધિ માટેના પવિત્ર સ્થળ માતૃગયા ખાતે એકસાથે 200 પરિવાર પૂજાનો લાભ લઈ શકે તેવું આયોજન કરાયું છે. અહીં પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડ દ્વારા આગામી સમયમાં યાત્રાળુઓને મળતી સુવિધાઓ, ગોર મહારાજની સંપર્કની વિગતો, પૂજા-વિધિ માટેના સ્થળ, ઑનલાઈન નોંધણી જેવી બાબતો માટે ઑનલાઈન પૉર્ટલ પણ કાર્યરત્ કરાશે.

ઉપરાંત અહીં પિંડદાનની વિધિવત્ પૂજા-અર્ચના હેતુથી આગામી સમયમાં "ઑનલાઈન ક્યૂ મેનેજમેન્ટ સિસ્ટમ” નામનું પોર્ટલ વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં ઑનલાઇન નોંધણી, ચૂકવણી સહિતની સુવિધા મળશે.

# BAHUCHARAJI NAVRATRI

મહેસાણામાં આવેલા તીર્થધામ બહુચરાજી મંદિરના ચાચર ચોકમાં આગામી ત્રીજી ઑક્ટોબરથી 12 ઑક્ટોબર દરમિયાન નવરાત્રિ મહોત્સવ ઉજવાશે. આ માટે મંદિરમાં ત્રીજી ઑક્ટોબરે ઘટસ્થાપન વિધિ થશે. જ્યારે નવ ઑક્ટોબરે શતચંડી યજ્ઞનો પ્રારંભ થશે. 11મી તારીખે યજ્ઞની પૂર્ણાહૂતિ અને માતાજીની પાલખી પણ નીકળશે. 12મીએ દશેરાના દિવસે માતાજીની પાલખી મંદિરથી શંખલપુર જશે.

# S.NAGAR- JAVAHAR NAVODAY VIDHYALAY

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ છમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાની ઑનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ આગામી સાતમી ઑક્ટોબર સુધી NAVODAYA.GOV.IN અને CBSEITMS.RCIL.GOV.IN/NVS વેબસાઈટ પર વિનામૂલ્યે અરજી કરી શકશે એમ વિદ્યાલયના આચાર્યએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# GUJARAT EDUCATION BOARD ELECTION

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના સભ્ય બનવા માટેની ચૂંટણી આજે યોજાઈ રહી છે. આ ચૂંટણી માટે રાજ્યભરમાં કુલ 58 બૂથ પર મતદાન થઈ રહ્યું છે અને આ ગુરૂવારે મતગણતરી યોજાશે.

સામાન્ય રીતે વિવિધ શ્રેણીની નવ બેઠક માટે સભ્યની ચૂંટણી કરવાની હોય છે, પણ આમાંથી 6 બેઠક બિનહરીફ જાહેર થઈ છે. જ્યારે એક બેઠક માટે

કોઈ આવેદન ન ભરાતા તેની પર ચૂંટણી નહીં થાય. અન્ય 2 બેઠક પર ચૂંટણી યોજાઇ રહી છે. આમાંથી એક બેઠક સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકના પ્રતિનિધિ માટેની છે. જ્યારે બીજી બેઠક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલકોના પ્રતિનિધિની છે.

# SURAT AAG

સુરતના કતારગામ વિસ્તારમાં ગજેરા સર્કલ નજીક આવેલા એક કારખાનામાં આગ લાગ્યાના અહેવાલ છે. સુરતનાં અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, આગની ઘટનામાં અત્યાર સુધી પાંચથી 6 લોકો ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે 2 લોકોની હાલત ગંભીર છે. હાલમાં પોલીસ સહિત કતારગામ અને કોસાડ અગ્નિશમન દળની ટુકડી ઘટનાસ્થળે પહોંચી છે.